# ભિલોડા હાથમતી નદીના ઉંડા ધરામાં બે માસુમ બાળકો ડુબી જતાં કરૂણ મોત

## કરૂણાંતિકાના દશ્યો સર્જાયા : પરીવારજનોનું હૈયાફાટ રૂદન

ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડાની હાથમતી નદી પાસે બકરા ચરાવવા ગયેલા બે માસુમ બાળકોના નદીમાં નાહવા માટે પડ્યા હતા પરંતુ હાથમતી નદીના ઉંડા ધરામાં બે માસુમ બાળકો ડુબી જતાં કરૂણ મોત નિપજતાં ભિલોડા વહિવટી તંત્રના અધિકારીઓ,તરવૈયાઓ ઘટનાસ્થળે તાબડતોબ આવી પહોચ્યા હતા. તરવૈયાઓની મદદથી બે માસુમ બાળકોના મૃતદેહોને બહાર કાઢવા તરવૈયાઓએ ભારે શોધખોળ આદરી જહેમત ઉઠાવી ઉંડા પાણીમાંથી બહાર કઢાયા હતા. બે માસુમ બાળકોના મૃતદેહો હાથમતી નદીમાંથી બહાર કઢાતા પરીવારજનોએ ભારે રોકકળ અને આક્રદ કરી મુક્યું હતું ત્યારે કરૂણાંતિકાના દશ્યો સર્જાયા હતા. જેના કારણે અમુક ઉપસ્થિત લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. હાથમતી નદીમાં બે માસુમ બાળકોના ડુબી જવાના કારણે મોત નિપજયું હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉપસ્થિત થયા હતા. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, મહેશભાઈ પટેલ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.ભિલોડા હાથમતી નદીના ઉંડા ધરામાં મરણ પામનાર બે માસુમ બાળકોના નામ નીચે મુજબ છે. (૧)શૈલેષભાઈ અમરતભાઈ થોરી, ઉંમર વર્ષ-૯ (૨)જયેશભાઈ મનુભાઈ થોરી,ઉંમર વર્ષ-૯ બંન્ને રહે.ભિલોડા છે. બંન્ને માસુમ બાળકો ધોરણ-૪ માં પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા હતા.

ભિલોડા હાથમતી નદીમાં બે માસુમ બાળકોના ડુબી જવાના કારણે કરૂણ મોત નિપજતાં થોરી સમાજ સહિત ભિલોડા તાલુકામાં ઘેરા શોકની કાલીમા છવાઈ જવા પામી હતી. બે માસુમ બાળકોના મૃતદેહને હાથમતી નદીના ઉંડા પાણીમાંથી બહાર કઢાયા બાદ ભિલોડા સીવીલ હોસ્પિટલમાં મૃતદેહોને લાવાયા હતા. મૃતદેહોને મેડીકલ ઓફીસરો ધ્વારા પી.એમ. કરી મૃતદેહો પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયા-ફાટ રૂદન કરતા ત્યારે કરૂણાંતિકાના દશ્યો સર્જાયા હતા.




### મોડાસાના આનંદપુરા કંપામાં નવરાત્રી સાથે વેશભૂષા સ્પર્ધા યોજાઈ

મોડાસા શહેર નજીક સ્થિત આનંદપુરા કંપા ખાતે નવરાત્રી મહોત્સવ સાથે આયોજકો દ્વારા વેશભૂષા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અબાલ-વૃદ્ધ સૌ કોઈએ ઉત્સાહભેર ભાગ લઈ સમાજને નવો સંદેશો પાઠવ્યો હતો. આ વેશભૂષા સ્પર્ધામાં ભૂલકાઓ, મહિલાઓ, વડીલો અને વૃધ્ધોએ વિવિધ ધર્મોની ઝાંખી કરાવતા, દેશભક્તિ, ગરીબ-અમીર, તેમજ વિકલાંગ-મંદબુદ્ધિ જેવા પાત્રોની આબેહૂબ કલા તેમજ ''વ્યસન છોડો અભિયાન', 'સ્વચ્છતા અભિયાન', સૌનો સાથ સૌનો વિકાસ', જેવા સમાજ માટે તેમજ સૃષ્ટિ માટે ઉદાહરણરૂપ પાત્રો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રહિશો ઉમટી પડ્યા હતા.

# ભાટસણની કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલયમાં મુસ્લીમ સંચાલક દ્વારા દર વર્ષે યોજાતા ગરબા

ડીસા, તા. ૧

સરસ્વતી તાલુકાના ભાટસણ ગામે આવેલી કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલયના મુસ્લીમ સંચાલક દ્વારા શાળાની શરૂઆતથી જ બાલીકાઓ માટે નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે પણ ધામધુમપૂર્વક ગરબામાં ધુમ મચી રહી છે.

સરસ્વતી તાલુકાના ભાટસણ ગામે ડીસા પાટણ હાઈવે રોડ પર અદ્યતન બિલ્ડીંગ અને વિશાળ સંકુલમાં આવેલી કસ્તુબા ગાંધી કન્યા વિદ્યાલયની દીકરીઓ માટે દર વર્ષે ગરબા યોજાય છે. શાળાનું સંચાલન કરનાર ભાટસણ સીઆરસી ઉસ્માનભાઈ

ખોરજીયાના માર્ગદર્શન હેઠળ આરીફભાઈની જહેમતથી શાળાની દિકરીઓ ગરબાની રમઝટ બોલાવી રહી છે. આરીફભાઈ દ્વારા જાતે મા અંબાનું માટીનું મંદિર બનાવી તેને રંગબેરંગી પટ્ટીઓ, ઝરી અને અન્ય કલાકારથી શણગારવામાં આવ્યું છે. ગરબા દરમ્યાન દીકરીઓના

માતા-પિતા સિવાય અન્ય કોઈ વ્યકિત ન પ્રવેશ તે માટે સંસ્થાના ગેટમેટ દ્વારા તકેદારી રાખવામાં આવે છે. આ બાબતે સીઆરસી ઉસ્માનભાઈ ખોરજીયાએ જણાવ્યું હતું કે દિકરીઓની ખુશી એજ અમારો ધર્મ છે. આ શાળાની શરૂઆત થઈ ત્યારથી ગરબા યોજાય છે. માત્ર નવરાત્રી જ નહીં પરંતુ અન્ય હિન્દુ તહેવારોની ઉજવણી અને બાલીકાઓને વ્રત પણ કરાવવામાં આવે છે. વ્રતની સામગ્રી અમે લાવી આપીએ છીએ અહીં મોટાભાગની હિન્દુ-દિકરીઓ અભ્યાસ કરે છે આ તહેવારોમાં અમે તેમની સાથે હળી મળી જઈએ છીએ. કાર્યક્રમને સફળ બનાવવા આરીફભાઈ શાળાના આચાર્ય ગીતાબેન દેસાઈ, શાળાના સિક્યુરીટી ગાર્ડ અને રસોડા વિભાગના સ્ટાફ પણ જહેમત ઉઠાવી રહ્યા છે.

**જાતે માતાજીનું મંદિર બનાવ્યુંછે:** આરીફભાઈ કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલયનું મેનેજમેન્ટ સંભાળતા આરીફભાઈએ જણાવ્યું હતું કે મે તેમજ બીજા એક મુસ્લીમભાઈ અને ગેટમેનની મદદથી જાતે માટી વડે માતાજીનું મંદિર બનાવ્યુંછે. અમે સીઆરસી ઉસ્માનભાઈ ખોરજીયાના માર્ગદર્શન હેઠળ દીકરીઓ માટે ગરબાનું આયોજન કરીએ છીએ માંડવાને શણગારવો, મંદિર બનાવવું. સાઉન્ડની વ્યવસ્થા અને દિકરીઓને ગરબે રમવા જાતે જ તૈયાર કરૂ છું.



## ખેડબ્રહ્મા તાલુકાનું ગૌરવ

ભાવનગર મુકામે તાજેતરમાં રાજયકક્ષાની શાળાકીય યોગાસન સ્પર્ધા યોજાઈ હતી જેમાં ખેડબ્રહ્માની રાધીવાડ પ્રાથમિક શાળાના બે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત રાજયની શાળાકીય અંડર-૧૪ રાજયકક્ષાની યોગાસન સ્પર્ધા ભાવનગર ખાતે યોજાઈ હતી. જેમાં રાજયભરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજયકક્ષાની સ્પર્ધામાં ખેડબ્રહ્મા તાલુકાની રાધીવાડ પ્રાથમિક શાળાના બે વિદ્યાર્થીઓ ધ્રુવ મિલનકુમાર પંડયા રાજયમાં પ્રથમ અને સાવનસિંહ શિવસિંહ રહેવરે દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો. બંને વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા છે. શાળાના આચાર્ય અને શાળા પરિવાર બંને વિદ્યાર્થીઓ અને કોચ મનહરસિંહ ખેરને અભિનંદન પાઠવ્યા હતા.




પ્રાંતિજ નજીક સ્થિત કમાલપુરની એમ.સી. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અંગેના બેનરો દ્વારા જાગૃતિ લાવવાનો પ્રશંસનીય પ્રયત્ન થયો હતો જેમાં કોલેજના આસપાસના વિસ્તારમાં સફાઈ હાથ ધરવામાં આવી હતી. બાદ વિદ્યાર્થીઓ દ્વારા સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી અને વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



વડાપ્રધાનશ્રીના 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત બનાસ બેંકના કર્મચારીઓએ બનાસ ભવન પાલનપુર ખાતે 'સ્વચ્છતા શપથ' લીધા હતા.

# તલોદ તાલુકામાં યોજાઈ સઘન સફાઈ ઝુંબેશ

તલોદ, તા.૧

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી સંદર્ભે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા તથા સુચનાથી શરૂ થયેલ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ તલોદ તાલુકામાં સઘન અને સર્વવ્યાપી સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જિલ્લા કલેકટર તથા પ્રાંત અધિકારીના માર્ગદર્શન નીચે મામલતદાર તલોદના વડપણ હેઠળ તાલુકાના સમગ્ર વહીવટીતંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહેલ છે. અભિયાન અંતર્ગત તાલુકાની તમામ સરકારી કચેરીઓમાં સફાઈ અને રેકર્ડ ગોઠવણીની કામગીરી કરવામાં આવી. તલોદ નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકા પ્રમુખ તથા ચીફ ઓફીસરની ટીમ મારફત કોર્પોરેટરો, નાગરીકોની તથા સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી થકી વોર્ડ દીઠ સફાઈ કામગીરી કરાઈ રહેલ છે. નવરાત્રીના ગરબા મંડળોને પણ સફાઈ ઝુંબેશમાં સામેલ કરવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ તાલુકા પંચાયત પ્રમુખના નેજા હેઠળ અગ્રણીઓ, સરકારી કર્મચારીઓ તથા ગ્રામજનોના સહિયારા પુરુષાર્થથી સ્વચ્છતા અભિયાન હાથ ધરાઈ રહેલ છે. તાલુકાની તમામ શાળા કોલેજો હોસ્પિટલ, આંગણવાડી કેન્દ્રો સહિતની જગ્યાઓએ કામગીરી કરવામાં આવી રહેલ છે. બાળકોના આરોગ્ય સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા મધ્યાહન ભોજન કેન્દ્રો ખાતે વિશેષ સફાઈ હાથ ધરવાની અને બાળકોમાં સ્વચ્છતાભિમુખ અભિગમ વિકસાવવા ખાસ સુચના આપવામાં આવેલ છે. દેશના રાષ્ટ્રપિતાની 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' સંકલ્પનાને ચરિતાર્થ કરવા પોતાના ઘરથી લઈ શેરી-મહોલ્લા-ગામ-ઘર અને સમગ્ર સમાજને સ્વચ્છ તેમજ આરોગ્યપ્રદ બનાવવા તમામ નાગરિકોને યથા યોગ્ય ફાળો આપવા અને સ્વચ્છ ભારત-તંદુરસ્ત ભારતના સર્જનમાં સહભાગી થવા તલોદ તાલુકાના તમામ નગરજનોને વહીવટી તંત્ર દ્વારા ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે.

## તલોદ માર્કેટ યાર્ડમાં પરીક્ષાલક્ષી સેમિનાર યોજાયો

આગામી ૧૧મી ઓક્ટોબર-૨૦૧૪થી શરૂ થનાર એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા પરીક્ષા કેન્દ્રો ખાતે થતી ગેરરીતિઓ અટકાવવા માટે સી.સી. ટી.વી. કેમેરા તેમજ ટેબ્લેટ પીસી.ના નવતર પ્રયોગ વિશેની પરીક્ષાર્થીઓને જાણકારી અને પરિણામો અંગે જાગૃતતા કેળવવા માટેનો સેમિનાર તાજેતરમાં તલોદ ખેતીવાડી ઉત્પન્ન સમિતિ માર્કેટયાર્ડ ખાતે યોજાયો હતો.

આ સેમિનારમાં બોર્ડના સચિવ મહેશ જોષી, કે.બી. રાવલ, સંત સુરેશભાઈ ભગતજી, જિલ્લા શિક્ષણાધિકારી વી.એમ. ચૌધરી, સ્મિતાબેન પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, નિવૃત્ત આચાર્ય મોહનભાઈ પટેલ, હાજર રહ્યા હતા સર્વે મહાનુભાવોએ પરીક્ષાર્થીઓને બોર્ડના નવતર પ્રયોગથી થનારા ફાયદા, રાખવાની કાળજી તેમજ ગત પરીક્ષામાં કરેલ પ્રયોગના પરિણામોની સમીક્ષા કરી ગંભીરતા અંગે ચેતવણી અને ઉજ્જવળ પરિણામની શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પણ પ્રમાણિક રીતે પરીક્ષા આપવાનો સંકલ્પ જાહેર કર્યો હતો જ્યારે જિલ્લા પંચાયત સદસ્ય પત્રકાર તેમજ તલોદ તાલુકા ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ઉપરાંત તાલુકાની વિવિધ શાળાઓના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મનહરભાઈ પંચાલે કર્યું હતું.




યુનિક યુ સ્કૂલ ઈન્ટરનેશનલ,ઈડર રાષ્ટ્રનિર્માણ માટે જવાબદાર નાગરિકોના ઘડતર કરવાના આશયથી શરૂ થયેલ વિશિષ્ટ સ્કૂલ છે.-ાથમિક કક્ષાએથીજ બાળકોના માનસમાં શાંતિ માટેના સંસ્કારોનું સિંચન કરવા આં કાર્યશાળા સંજયતુલાની વિશ્વગ્રામ સંસ્થાના સહયોગથી યોજાઈ હતી. ત્રણ દિવસની આ કાર્યશાળામાં ૭૮ બાળકોએ ભાગ લીધો હતો.આં કાર્યશાળામાં પરસ્પર સંવાદ અને ટીમવર્ક દ્વારા બાળકોને સમૂહમાં એકબીજાની સાથે કામ કરવાની કળા એકબીજાને ઓળખીને આદર આપવો વગેરે બાબતો શીખવવામાં આવી હતી.દેશ ભક્તિ ગીતો,વિવિધ રમતો, ફિલ્મો, ઓરીગામી, બાળગીતો, પેપર કટીંગ,સુશોભન,ચિત્રકલા, વગેરે દ્વારા બાળકોની સર્જનાત્મકતા વિકસાવવા બહુવિધ -યોગો હાથ ધરવામાં આવ્યા હતા. આદરણીય હર્ષદદાદા અને પારસભાઈએ સમગ્ર કાર્યશાળાનું નેતૃત્વ સંભાળ્યું હતું.યુનિક યુ સ્કૂલ વતી શ્રી શૈલેશભાઈ -જાપતિએ સંકલન કર્યુ હતું.સર્જનાત્મક -વૃત્તિઓ માટે શ્રી શંકરભાઈ ભોયાએ તથા અસ્મિતા બેને સુંદર યોગદાન આપ્યું હતું.

## ઈડર ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

# ઈડર લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ૧૧૫ પ્રશ્નોનું સુખદ નિરાકરણ કરાયું

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આજે જિલ્લા સાસંદ દિપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

તથા જંગલના જમીનને લગતા ૫૦ જેટલા સામુદાયિક અને ૯ નીતિ વિષયક -શ્નો મળી કુલ ૧૧૫ જેટલા ે રજુ થયા હતાં, જે તમામ ેનો સુખદ નિરાકરણ કરવામાં આવ્યું હતું.




સાસંદ દિપસિંહ રાઠોડે -ાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યુ હતું કે, રાજયના -થમ મહિલા મુખ્યમંત્રી મતી આનંદીબેન પટેલે ગામડાઓના વિકાસમાં ગતિશીલતા આવે તે માટે તાલુકે તાલુકે લોક સંવાદ સેતુનો કાર્યક્રમ હાથ ધર્યો છે. જેના થકી ગામડાના છેવાડાના માણસની સમસ્યાઓનું નિવારણ કરી લોકાભિમુખ વહિવટીતંત્રની દિશામાં રાજય સરકારે નવિન પહેલ કરી છે.

ઈડરની કે.એમ.પટેલ વિધામંદિર ખાતે યોજાયેલ લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં સિંચાઈ, પીવાના પાણી, આવાસ, શૌચાલય, રસ્તા, તળાવ ઉંડા કરવા સહિતના ૫૬ જેટલા વ્યકતિગત અને પંચાયતના વિભાજન

કાર્યક્રમમાં ઉપસથિત જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, લોકોના -શ્નોનું વિવાદના સ્વરૂપે નહિ પરંતુ સંવાદના સેતુ મારફતે -જાના -શ્નોનું નિરાકરણ આવે તે દિશામાં રાજય સરકાર કામ કરી રહી છે. એ રાજય સરકાર ધ્વારા ગતિશીલ ગુજરાતના અભિયાનને વેગવંતો બનાવવાની વાત કરતા જણાવ્યું હતું કે માત્ર સંવાદ સેતુમાં રજૂ થયેલા જ નહી પરંતુ અન્ય વિસ્તારમાં બાકી રહેલા -શ્નોનું પણ ઝડપથી નિરાકરણ કરવામાં આવશે. આ ઉપરાંત સ્વચ્છ ભારતના અભિયાનમાં જોડવાનું આહવાન કર્યુ હતું.

આ લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના -મુખ પંકજભાઈ દેસાઈ, નગરપાલિકા -મુખ કુલદિપસિંહ જાડેજા, તાલુકા પંચાયતના પૂર્વ -મુખ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા અગ્રણી પૃથ્વીરાજભાઈ પટેલ સહિત અન્ય પદાધિકારીઓ તથા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસ વડા -વિણ માલ, જિલ્લા અધિક કલેકટર એસ.ડી.ધાનાણી, -ંત અધિકારી સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦